



# સોનાચાંદીની પાણીપૂરી?

કેટલીક વાનગીઓ એવી ચટાકેદાર હોય છે કે તે દેશના દરેક પ્રદેશોમાં લોકપ્રિય હોય છે. એનું નામ ભલે જુદું હોય પરંતુ સ્વાદ એકસરખો જ હોય છે. એવું જ એક સ્ટ્રીટ ફુડ છે જેની સાથે ગમે એટલા એક્સપરીમેન્ટ કરો પરંતુ લોકોને એનો અસલ ક્લાસિક સ્વાદ જ પસંદ પડે છે. તેમ છતાં એ ડિશ સાથે અજીબોગરીબ પ્રયોગ કરવામાં લોકો પીછેહઠ કરતાં નથી. પાણીપૂરી, ગોલગપ્પા, પુચકા-ગમે તે નામ કહો એનો સ્વાદ એકસરખો જ હોય છે. લોકો એને લારી પર મજેથી ખાય છે. હમણાં સોશ્યલ મીડિયા પર આ ડિશનું એક બહુ જ અલગ વર્ઝન વાયરલ થયું છે જે જોઈને લોકો આશ્ચર્યચક્તિ થઇ ગયાં છે. આ પાણીપૂરીને એકદમ અલગ અંદાજથી સર્વ કરવામાં આવે છે. પાણીપૂરીની અંદર પહેલાં સમારેલાં કાજુ બદામ-પિસ્તા ભરવામાં આવે છે. પછી એની અંદર મધ નાખવામાં આવે છે. ત્યાર બાદ તીખા ચટપટા પાણીને બદલે છ નાના નાના ગ્લાસમાં ઠંડાઈ સાથે સર્વ કરવામાં આવે છે. એની અંદર ઠંડાઈ નાખતાં પહેલાં દરેક પૂરી સોનાચાંદીના વરખથી કવર કરવામાં આવે છે. સોશ્યલ મીડિયા પર યુઝર્સ અલગ અલગ કમેન્ટ કરે છે. કેટલાંક એને સારો એક્સપરિમેન્ટ ગણે છે તો કેટલાંકના મતે લારી પરની ચટપટી પાણી પૂરી જ બેસ્ટ છે.

# આદિવાસી યુવતી સૌર ઊર્જાથી ગામવાસીઓનાં ઘર રોશન કરશે



સિરોહી જિલ્લાના આદિવાસી બહુલ પિંડવાડા ઈલાકાના ઉપલાગઢ ગામની એક વિધવા મહિલા મોગલી સૌર ઊર્જા સંચાલિત ઉપકરણોથી પોતાના ગામના દુર્ગમ વિસ્તારો જયાં ઘણા પરિવારો વીજળીથી વંચિત છે તેમનાં ઘર રોશન કરશે. 8 વર્ષ અગાઉ પતિ જગદીશના મૃત્યુ બાદ 26 વર્ષીય મોગલીએ મજૂરી કરી પોતાનાં સંતાન અને પરિવારનું ભરણપોષણ કર્યું. નિચલાગઢમાં સોલાર એન્જિનિયર તરીકે જાણીતા થાવરી દેવીથી પ્રભાવિત થઇ એ અજમેરના કિશનગઢ હરમાડામાં બિંદી ઈન્ટરનેશનલ સંસ્થામાંથી ઊર્જા સંચાલિત ઉપકરણો તથા તેના સમારકામની તાલીમ લે છે. પાંચમા ધોરણ સુધીનો અભ્યાસ કરનાર મોગલી તાલીમ બાદ ઉપલાગઢ તથા આસપાસનાં ગામોમાં વીજળી વંચિત ઘરો સુધી સૌર ઊર્જા સંચાલિત ઉપકરણોથી વીજળી પહોંચાડવાનું કાર્ય કરશે. 2016માં પતિના અવસાન બાદ પરિવારનું ભરણપોષણ કરવા 15 કિ.મી. દૂર જઇ મોગલી મજૂરી કરતી હતી. સૌર ઊર્જા સાધનોની જાણકારી મળ્યા બાદ એની તાલીમ લઇ કાર્ય કરવાનું એણે નક્કી કર્યું.

વાચક ભાવ-પ્રતિભાવ

## આજે સ્ત્રીઓને એમને ઘેર કોઇ આવે એ પરવડતું પણ નથી

લગભગ વેકેશનો પડી ગયાં છે. છોકરાંઓનો શેરીઓમાં ઝીણો કલબલાટ શરૂ થઇ ગયો છે. નવમા અને અગિયારમા ધોરણના વિદ્યાર્થીઓ તો બોર્ડની ધોરણ દસ અને બારમાની તૈયારીઓમાં લાગી જવા લાગ્યા છે એટલે વેકેશનોમાં પણ પ્રવૃત્તિઓ અને શિક્ષણનું ભારણ ઘટ્યું નથી. પ્રાથમિક શાળાનાં બાળકો તો છેક જૂનના મધ્યમાં ખૂલતી શાળાઓ સુધી વેકેશનમાં મજા માણતા રહેશે. પ્રમાણમાં સુખી ઘરનાં બાળકોને તો પેરેન્ટ્સ વેકેશનમાં કયાંક ને કયાંક પ્રવાસે લઇ જતાં હોય છે. આર્થિક રીતે જરા વીક એવા પરિવારના કોલેજમાંના કેટલાક વિદ્યાર્થીઓ વેકેશનોમાં કશીક નોકરી શોધતા હોય છે. જેથી ઘરમાં થોડી આર્થિક મદદ થઇ શકે. હવે તો કેટલાક વિદ્યાર્થીઓ ભણવાની સાથે પાર્ટ ટાઈમ નાની-મોટી નોકરીઓ બારે મહિના કરતા હોય છે. આવા વિદ્યાર્થીઓને માટે કદાચ વેકેશન જેવું કશું હોતું નથી. હવે પહેલાંના સમયની જેમ વેકેશનમાં બાળકો એમનાં મામા, માસી કે દૂર રહેતાં કાકા-કાકીને ત્યાં ઓછાં જાય છે. સંપાદક કહે છે તેમ એકબીજાને ત્યાં જવાનું ઘટી જ ગયું છે. બીજી વાત સંપાદક એ પણ કહે છે કે આજે સ્ત્રીઓને એમને ઘરે કોઇ આવે એ પરવડતું પણ નથી. આજે ઘરની સ્ત્રીઓ પોતાના પરિવારના સભ્યોનું જ ઘરનું કામકાજ કરવા તૈયાર કે રાજી નથી ત્યાં નણંદનાં કે અન્ય કોઈ નજીકનાં સ્નેહીઓનાં બાળકો વેકેશનમાં આવે એ એમને કયાંથી ગમે? કેટલીક સ્ત્રીઓ તો એવું કરે છે કે, પોતાનાં બાળકોને કયાંય મોકલવાં નહિ અને અન્ય સ્નેહીઓનાં બાળકોને પોતાને ઘરે રહેવા બોલાવવા નહિ. આ રીતે તેઓ હિસાબ સરભર કરી દેતી હોય છે. જો કે ગામડાંઓમાં હજુ પણ વેકેશનમાં બાળકોની, પોતાના સ્નેહીજનોને ત્યાં જવાઆવવાની પ્રથા ઘણે અંશે ટકેલી છે. જે ઘરોમાં ખેતીવાડી મુખ્ય ધંધો છે એવાં ગામડાંઓમાં, ખેડૂતોને પણ ચૈત્ર, વૈશાખ અને અડધો જેઠ આરામ હોય છે એટલે એ પરિવારોમાં વેકેશનોમાં મહેમાનોની આવ-જા ખૂબ રહેતી હોય છે. ઓવરઓલ બધે જ બાળકો તો, ગમે તે સ્થિતિએ, વેકેશનની મજા માણી લેતાં જ હોય છે. - **બાબુભાઈ નાઈ (સુરત)**



## સર્વેને ઉપયોગી એવો અંક

દેશમાં સ્ટેટ બોર્ડ, સેન્ટ્રલબોર્ડ, IBબોર્ડ એમ વિવિધ બોર્ડ છે. ખરેખર સંપાદકનો લેખ વિદ્યાર્થીઓ અને વાલીઓને ઘણી જ રીતે ઉપયોગી થઇ પડશે. દરેક દરેક બોર્ડની વિશિષ્ટતા હોય છે. ગર્વથી વાલીઓ કહેશે કે મારું સંતાન આ કે તે બોર્ડમાં ભણે છે. આજે ભણતર ભારી થઇ ચૂક્યું છે. સરળ વાલીઓ બિચારા અટવાઈ જઇ શકે છે. તેમનું સંતાન પણ નવું નવું હોય જે બોર્ડનું જ્ઞાન પણ સ્પષ્ટ રીતે ન સમજી શકે પણ પરિવર્તન જો બધામાં જ હોય તો આમાં પણ હોય જ ને! પણ નવી પેઢી આ બધું જ સરસ રીતે કરી શકે છે. ભણતરના ભાર સાથે બોર્ડ સાથે પણ નિપટી શકે છે. આળસ અને કામચોરી એ છટકવાની બારી છે. ઘણાં



લોકો બહાનાં કરી છટકી જાય છે. ભણેલી છોકરીઓ નોકરી કરે છે. સાસરિયાંને આર્થિક રીતે મદદરૂપ થાય છે આ પણ સરસ પરિવર્તન છે.

આમ તો સાડી એ ભારતીયતાની ઓળખ છે પણ આજે આ રોજબરોજ માટે ન ચાલે. નોકરી કરતી કે જાહેરમાં જોબ કરતી કોઈ પણ મહિલા હવે પંજાબી સૂટમાં જ દેખાય છે.

વર્ક કરવાનું કમ્ફર્ટેબલ થઇ પડે છે. પહેલાં તો આપણી એર સર્વિસમાં પણ કમ્પલસરી સાડી જ હતી પણ હવે પરિવર્તન જોવા મળે છે. ઉનાળો આવે એટલે ઠંડાં પીણાં સાથે નારિયેળ પાણી પણ પીવાય છે. શરબતો, લીંબુપાણી વગેરે શરીરને લૂથી બચાવે અને ઠંડક આપે છે. નણંદને ભાભીની જરા પણ કદર કે દરકાર હોતી નથી. એ પરાયી જ સમજે છે. ‘જીવન સરગમ’માં સરસ લખાયું છે કે જીવનની અધૂરપની પણ મધુરપ માણો!

જીવનમાં 100% સુખ કયાં હોય? પણ એ અધૂરપને પણ યાદો દ્વારા મધુર કરી શકાય.

- **જયા રાણા (સુરત)**